NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**વંચાણે:**– (૧) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્ર.નં. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ, તા.૨૨.૦૯.૨૦૨૧

(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્ર.નં.જા.નં./વવહિઅ/બી-૫/૧૬૯૭-૯૮/૨૧, તા.૦૮.૧૦.૨૦૨૧

(૩) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્ર.નં. તજર-૧૦૨૦૧૩-૬૪૮૨૫૨-ઝ, તા.૧૪.૧૦.૨૦૨૧

## -- :: પરિપત્ર ::--

**વિષય:– ઓકટોબર–૨૦૨૧ માસના પગાર ભથ્થા અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત..**

આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર **તા.૦૪/૧૧/૨૦૨૧** ના રોજ હોય, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવી શકે તે માટે સરકારશ્રીના **વંચાણે લીધેલ ક્રમ–૩** ના ઠરાવ મુજબ **ઓકટોબર–૨૦૨૧** ના માસના રાજય સરકારના સરકારી કર્મચારીઓ/પેન્શનરોના પગાર ભથ્થા/પેન્શનની ચુકવણી **તા.૨૫/૧૦/૨૦૨૧ તથા તા.૨૬/૧૦/૨૦૨૧** દરમિયાન તબકકાવાર કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી **વંચાણે લીધેલ ક્રમ–૧** ના ઠરાવથી તા.૦૧/૦૭/૨૦૨૧ થી મોંઘવારી ભથ્થાનો દર **૨૮ ટકા** કરવામાં આવેલ હતો. જેમાં **જુલાઈ–૨૦૨૧ ના માસના તફાવતની રકમ ઓકટોબર–૨૦૨૧ ના માસના પગારબીલની સાથે ચુકવવાનું જણાવેલ હોય** તે મુજબ પગારબીલમાં મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ આકારી ***વંચાણે લીધેલ ક્રમ–૨ ના પરિપત્ર મુજબ સમય મર્યાદામાં પગાર બીલો*** અત્રેની કચેરીની તિજોરી શાખામાં રજુ કરવા જણાવવામાં આવે છે. જે કચેરીના બીલો સમય મર્યાદામાં રજુ ન થશે તો તેની જવાબદારી જે તે કચેરીના વડાશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

**આ કચેરીની ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.**

**જા.નં.નકૃયુ/હિનિ/વહટ/બી–૫/૮૫૪૦/૨૦૨૧ નવસારી,**
**તા. ૧૬/૧૦/૨૦૨૧**

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સીટી**
**નવસારી**

**બિડાણ:**– સરકારશ્રીના નાણાં વિભાગનાં તા. ૧૪.૧૦.૨૦૨૧ નો ઠરાવ.

**નકલ જય ભારત સાથ રવાના:–**

આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારુ.

**નકલ રવાના:–**

**(૧)** વહિવટી-વ-હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.

**(૨)** અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારુ.

**(૩)** આ કચેરીની પેન્શન બીલ શાખા તરફ ઉપરોકત સૂચના મુજબ મોંઘવારી ભથ્થાના તફાવતનાં નાણાં પેન્શનરોને પણ માહે ઓકટોબર-૨૦૨૧ ના પગારબીલ સાથે તા. ૨૫/૧૦/૨૦૨૧ તથા તા.૨૬/૧૦/૨૦૨૧ દરમિયાન તબકકાવાર ચૂકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

તા.૧/૭/૨૦૨૧ થી રાજ્ય સરકારના
કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી
ભથ્થાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૨/૯/૨૦૨૧

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા. ૧૩/૧/૨૦૨૦ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

(૩) ભારત સરકારનો તા. ૨૩/૪/૨૦૨૦ નો કચેરી હુકમ નં. ૧/૧/૨૦૨૦/ઇ.૨(બી)

(૪) ભારત સરકારનો તા. ૨૦/૭/૨૦૨૧ નો કચેરી હુકમ નં. ૧/૧/૨૦૨૦/ઇ.૨(બી)

## //ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભ (૨) માં દર્શાવેલ તા. ૧૩/૧/૨૦૨૦ ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તા. ૧/૭/૨૦૧૯ ની અસરથી ૧૭% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના તા. ૨૩/૪/૨૦૨૦ ના ઓફીસ મેમોરેન્ડમથી, કોવિડ-૧૯ ના સંક્રમણના કારણે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને રાખી, તા. ૧/૧/૨૦૨૦, તા. ૧/૭/૨૦૨૦ તથા તા. ૧/૧/૨૦૨૧ થી ચુકવવાપાત્ર થતું મોંઘવારી ભથ્થુ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ઉપર સંદર્ભ (૪) માં દર્શાવેલ ભારત સરકારના તા. ૨૦/૭/૨૦૨૧ ના ઓફીસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં, ઉક્ત સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાનું એકત્રીકરણ કરી, તા. ૧/૭/૨૦૨૧ ની અસરથી હાલમાં ચુકવવામાં આવતા મોંઘવારી ભથ્થાના ૧૭% ના દરમાં વધારો કરી ૨૮% ના દરે

મોંઘવારી ભથ્થુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૧૭% ના દરમાં તા. ૧/૭/૨૦૨૧ ની અસરથી વધારો કરી, ૨૮% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૨૧ થી | મૂળ પગારના ૨૮% |

નાણા વિભાગના તા. ૧૬/૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ સુધાર્યા પૂર્વેના એટલે કે છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર માળખામાં મળતા પગાર અને દર મુજબ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

કર્મચારીઓના કિસ્સામાં સપ્ટેમ્બર-૨૧ માસથી ૨૮% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જુલાઇ-૨૧ માસના તફાવતની રકમ ઓક્ટોબર-૨૧ ના પગારની સાથે તથા ઓગષ્ટ-૨૧ માસના તફાવતની રકમ જાન્યુઆરી-૨૨ ના પગારની સાથે ચુકવવાની રહેશે.

પેન્શનરોના કિસ્સામાં, સપ્ટેમ્બર-૨૧ માસથી ૨૮% મુજબ હંગામી વધારો માસિક પેન્શન સાથે નિયમિત રીતે તથા સુચિત હંગામી વધારાના જુલાઇ-૨૧ માસના તફાવતની રકમ ઓક્ટોબર-૨૧ ના પેન્શનની સાથે તથા ઓગષ્ટ-૨૧ માસના તફાવતની રકમ જાન્યુઆરી-૨૨ ના પેન્શનની સાથે ચુકવવાની રહેશે.

તા. ૧/૧/૨૦૨૦ થી તા. ૩૦/૬/૨૦૨૧ દરમ્યાનનો મોંઘવારી ભથ્થાનો દર ૧૭% રહેશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા

પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

DAShah

(ડી. એ. શાહ)
ઉપ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ-:**

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.

* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ટોચ અગ્રીમતા :-**

## -: પરિપત્ર :-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, તા. ૦૪/૧૧/૨૦૨૧ ના રોજ દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ નીચેની વિગતના બીલોનું ચુકવણું સમય મર્યાદામાં દિવાળી પહેલા કરી શકાય તે હેતુને ધ્યાનમાં લઈ નીચે મુજબના બીલો તિજોરી શાખામાં મોકલવાની આખરી તારીખ નક્કી કરવામાં આવે છે.

| અ.નં. | બીલોના પ્રકાર | બીલ રજુ કરવાની આખરી તારીખ |
|---|---|---|
| ૧. | માહે ઓકટોબર-૨૦૨૧ નાં પગાર-ભથ્થા/તફાવત (પુરવણી પગાર બીલો) મેડીકલ બીલો, એલ.ટી.સી., મુસાફરી ભથ્થાનાં બીલો. | ૨૦/૧૦/૨૦૨૧ |
| ૨. | ફીકસ પગાર બીલો (Including- RA/SRF/JRF) મજુર મસ્ટરનાં બીલો / એબસ્ટ્રેક બીલ-નવેમ્બર-૨૦૨૧ | ૦૧/૧૧/૨૦૨૧ |
| ૩. | બાંધકામને લગતા બીલો/ કન્ટીજન્સી પાર્ટી પેમેન્ટ બીલો, પ્રિ-ઓડીટનાં (૧ લાખથી ઉપરના) બીલો. | ૨૫/૧૦/૨૦૨૧ |

વધુમાં જણાવવાનું કે, તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવા નહિ.

ઉપરોક્ત સમય મર્યાદામાં નિયમોને અધિન રહી બીલો અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.જેથી બીલોનું ચુકવણું દિવાળી પહેલા સમયસર કરી શકાય.

આ બાબતને ટોચ અગ્રીમતા આપવા જણાવવામાં આવે છે. જો સમય મર્યાદામાં બીલો રજૂ ન કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

**જા.નં.નકૃયુ/વવહિઅધિ /બી-૫/૧૬૯૭-૯૮/૨૦૨૧**
**નવસારી, તા.૦૮/૧૦/૨૦૨૧**

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સીટી**
**નવસારી**

**નકલ જય ભારત સાથ રવાના :-**

(૧) આ યુનિવર્સીટીના તમામ યુનિટ/ સબ યુનિટના અધિકારીશ્રીઓ તથા નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારુ.

(૨) વહિવટી-વ-હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ આ પરિપત્ર મુજબ અમલ થવા સારુ.

ઓક્ટોબર-૨૦૨૧ માસના પગાર ભથ્થા
અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૩-૬૪૮૨૫૨-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૪/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) ના.વિ.નો તા.૨૦/૪/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૩૮૦/ઝ

(૨) ના.વિ.નો તા.૧૩/૧૦/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૮૪૬/ઝ

**ઠરાવ:-**

તા.૧૩/૧૦/૧૯૯૩ના ઉપર્યુકત ઠરાવથી સરકારી કર્મચારીઓના પગાર જે માસના પગાર ભથ્થા ચુકવવાપાત્ર હોય તે પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરીંગ પ્રથા અનુસાર ચુકવવાના હુકમો કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા. ૪/૧૧/૨૦૨૧ ના રોજ હોઇ, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ઓક્ટોબર-૨૦૨૧ માસના પગાર ભથ્થા તથા પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરેલ છે.

ઉકત નિર્ણય અનુસાર ઓક્ટોબર-૨૦૨૧ માસના રાજ્ય સરકારના સરકારી કર્મચારીઓ/ પેન્શનરોના પગાર ભથ્થા/પેન્શનની ચુકવણી તા.૧૩/૧૦/૧૯૯૩ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે મહિનાના પ્રથમ ત્રણ કામકાજના દિવસોને બદલે, વંચાણમાં લીધેલ તા. ૨૦/૪/૧૯૯૩ના ઠરાવમાં છુટછાટ મુકીને તા. ૨૫/૧૦/૨૦૨૧ તથા તા. ૨૬/૧૦/૨૦૨૧ દરમિયાન તબક્કાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ તથા કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

-----------------------------------

*પત્ર દ્વારા